For Best Result Download The Sankalya App From Playstore

# Paper-2

(Social Study)

80 Marks

## SECTION - A

➽ નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર આપો (કુલ 24 પ્રશ્નો હેતુલક્ષી છે) (દરેક ના એક ગુણ) (Marks - 24)

1. ભારતમાં ઇ.સ. 1981માં કેન્દ્ર સરકારે ક્યો ધારો પસાર કર્યો છે ?
   A. અવાજ-પ્રદૂષણ નિયંત્રણ ધારો
   B. વાયુ-પ્રદૂષણ નિયંત્રણ ધારો
   C. ભ્રષ્ટાચાર નિયંત્રણ ધારો
   D. જળ-પ્રદૂષણ નિયંત્રણ ધારો
2. ખરું કે ખોટું જણાવો : આર્થિક ઉદારીકરણના પરિણામે દેશમાં આવકની સમાનતામાં વધારો થયો.
3. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ........ સમયથી ભારતે વિશ્વની પ્રજાને સાંસ્કૃતિક વારસાઓની ઘણી બાબતોની ભેટ આપી છે. (ઐતિહાસિક,પ્રાચીન ,પ્રાગ્ ઐતિહાસિક)
4. પોતાની પાસેની વેચવા યોગ્ય ચીજવસ્તુઓ બજારમાં વેચવા માટે લાવવી નહિ તેને શું કહે છે ?
5. ખરું કે ખોટું જણાવો : પ્રસ્તર ખડકોમાંથી સ્લેઇટ, આરસપહાણ અને હીરા મળે છે.
6. દારુણ કે વ્યાપક ગરીબી કોને કહેવાય?
   A. સમાજના મોટા ભાગના લોકોને મૂળભૂત અને પાયાની જરૂરિયાતો ન મળતી હોય તેને
   B. ગરીબોને રહેવા માટે રહેઠાણોની વ્યવસ્થા ન મળતી હોય તેને
   C. સમાજના મોટા ભાગના લોકોને નોકરીની તકો ન મળતી હોય તેને
   D. શ્રીમંતોને પૂરતી આવક ન મળતી હોય તેને
7. નૃત્યકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ મહાદેવ નટરાજનું શિલ્પના................ સંગ્રહાલયમાં સંગૃહીત છે.
8. 70 ફૂટ ઊંચી દીવાલ ધરાવતા આ કિલ્લાનો ઘેરાવો દોઢ માઈલનો છે, તેની રચનામાં લાલ પથ્થરો એવી રીતે કુશળતાપૂર્વક જોડેલા છે કે તેની દીવાલમાં ક્યાંય તિરાડ દેખાતી નથી.
   A. બુલંદ દરવાજો
   B. દિલ્લીનો લાલ કિલ્લો
   C. ચાંપાનેરનો કિલ્લો
   D. આગરાનો કિલ્લો
9. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો........ ખેતીની પેદાશોમાં કુદરતી સ્વાદ, મીઠાશ અને સોડમ હોય છે. (બાગાયતી, સઘન, સજીવ)
10. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.બી.એલ.ટી.એફ. (બોડોલેન્ડ લિબરેશન ટાઇગર ફોર્સ) એ ......... રાજ્યનું બળવાખોરી સંગઠન છે. (ત્રિપુરા, મણિપુર, અસમ)
11. ખરું કે ખોટું જણાવો : ભારતીય કૃષિ સંસાધન પરિષદ (ICAR) ભારતની જમીનને 8 પ્રકારમાં વહેંચી છે.
12. માનવવિકાસ અહેવાલ – 2015 મુજબ ભારતમાં પુરુષોની માથાદીઠ આવક કેટલા ડૉલર હતી ?
    A. 8,656 ડોલર B. 6,275 ડોલર C. 5,265 ડોલર D. 7,656 ડોલર
13. નીચેનામાંથી એક જોડકું ખરું નથી, તે શોધીને ઉત્તર લખો.
    A. કવિ રન્ના – અજીતનાથ પુરાણ
    B. કવિ પોન્ના – શાંતિપુરાણ
    C. કવિ પંપા – આદિપુરાણ
    D. કવિ કમ્બલ - મહાભારત


Answer key and solution of this paper set will be released on our YouTube Channel on 2nd February

14. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો......... ઉદ્યોગ દેશમાં સૌથી વધુ રોજગારી પૂરી પાડે છે. (શણ,ખાંડ,કાપડ)

15. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | હડપ્પાનું સમકાલીન પ્રાચીન નગર | ધોળાવીરા |
| 2. | | સારનાથ |

16. ઈ. સ. 2000માં હિમદીપડા પરિયોજના શરૂ કરવામાં આવી, કારણ કે ...

17. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | નદી | a. દક્ષિણનો દ્વીપકલ્પ |
| 2. | પાટણનાં પટોળાં | b. અમદાવાદ |
| 3. | મહાબલિપુરમ્ | c. બેવડ-ઇક્ત |
| 4. | રાતી અથવાલાલ જમીન | d. લોકમાતા |
| 5. | UNDP | e. તમિલનાડુ |
| 6. | | f. સંયુક્ત રાષ્ટ્ર વિકાસકાર્યક્રમ |

18. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | નેગ્રીટો | a. વડનગર |
| 2. | સંગીત પારિજાત | b. ઓડિશા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુના કિનારાના ભાગો |
| 3. | શર્મિષ્ઠા તળાવ | c. પંડિત અહોબલ |
| 4. | દલદલ કે પીટ પ્રકારની જમીન | d. મહિલા સશક્તીકરણ રાષ્ટ્રીય નીતિ |
| 5. | ઇ.સ. 2002 | e. હબસીઓ |
| 6. | | f. મહિલા સશક્તીકરણ વર્ષ |

19. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે ...... ને ભારતીય સંગીતનો સૌથી વધુ પ્રમાણભૂત ગ્રંથ ગણાવે છે.(સંગીત પારિજાત,સંગીત રત્નાકર,સંગીત મકરંદ)

20. ખરું કે ખોટું જણાવો : હીરાકુડ સિંચાઇ યોજનાનો લાભ બિહાર રાજ્યને મળે છે.

21. કઈ યોજના હેઠળ ગ્રામીણ પરિવહન સુધારવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે ?
A. રાષ્ટ્રપ્રમુખ ગ્રામ સડક યોજના
B. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના
C. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના
D. રાષ્ટ્રીય ગ્રામ સડક યોજના

22. ભારત સરકારે વિવિધ સ્તરે ભ્રષ્ટ્રાચાર રોકવા ભ્રષ્ટાચાર વિરોધી અધિનિયમ (નિયમો) કયા વર્ષમાં અમલમાં મૂક્યો?
A. ઈ. સ. 1990માં B. ઈ. સ. 1988માં C. ઈ. સ. 1998માં D. ઈ. સ. 1995માં

23. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ........ પદ્ધતિમાં ઉત્પાદનનાં સાધનોની ફાળવણી નફાના આધારે થાય છે. (સામ્યવાદી,બજાર, સમાજવાદી)

24. ખરું કે ખોટું જણાવો : કેન્દ્ર સરકારે મહત્ત્વનાં ઐતિહાસિક સ્થળોને ‘આંતરરાષ્ટ્રીય સ્મારકો’ તરીકે જાહેર કર્યાં છે.

## SECTION - B

➽ પ્રશ્ન ક્રમાંક 25 થી 37 (13 પ્રશ્નો) માંથી કોઈપણ 9 (નવ) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો (દરેકના બે ગુણ) (Marks - 18)

25. ભારતના ઊની (ગરમ) કાપડના ઉદ્યોગ વિશે માહિતી આપો.
26. પટ્ટદકલ સ્મારક વિશે માહિતી આપો.
27. નવીનીકરણીય અને અનવીનીકરણીય સંસાધનો એટલે શું ?
28. સમ્રાટ અશોકના સ્તંભલેખોમાં ક્યાં કયાં સ્થળોના સ્તંભલેખો મુખ્ય છે?
29. નૃત્યકલાનો પરિચય આપો.
30. હકારાત્મક અને નકારાત્મક વ્યાપારતુલાનો અર્થ સમજાવો. તેની અસરો જણાવો.
31. ISO નામની સંસ્થાની સ્થાપના ક્યારે થઈ હતી? તેનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ? તે શું કાર્ય કરે છે ?
32. ભારતમાં સિંચાઈ-ક્ષેત્રનું વિતરણ સમજાવો.
33. વરાહમિહિરે 'બૃહદ્સંહિતા'માં મુખ્યત્વે કઈ કઈ બાબતોની ચર્ચા કરી છે?
34. ભારતીય પ્રજા અતિપ્રાચીન સમયથી પર્યાવરણપ્રેમી શાથી રહી છે?
35. બળવાખોરી કોને કહેવાય ? ભારતમાં આતંકવાદ અને બળવાખોરીએ શી અસર કરી છે ?
36. બૌધ્ધ સાહિત્યનો પરીચય આપો.
37. ભારતમાં આર્થિક ઉદારીકરણની નીતિના લાભ જણાવો.

## SECTION - C

➽ પ્રશ્ન ક્રમાંક 38 થી 46 (9 પ્રશ્નો) માંથી કોઈપણ 6 (છ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો (દરેકના ત્રણ ગુણ) (Marks - 18)

38. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ અને વિકાસ માટે બંધારણમાં કઈ કઈ સામાન્ય જોગવાઈ ઓ કરવામાં આવી છે?
39. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો
    1. રણથંભોર - **અભ્યારણ્ય** 2. મુદુમલાઈ - **અભ્યારણ્ય** 3. વેળાવદર - **રાષ્ટ્રીય ઉદ્યાન** 4. સંજયગાંધી - **રાષ્ટ્રીય ઉદ્યાન**
40. દિલ્લીના લાલ કિલ્લા વિશે નોંધ લખો.
41. ટૂંક નોંધ લખો : ગુજરાતની ગુફાઓ
42. ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે ?
43. મધ્યયુગના પ્રાદેશિક ભાષાઓના સાહિત્ય વિશે નોંધ લખો.
44. આર્ય અને દ્રવિડ સંસ્કૃતિની વિગતો આપો.
45. ભૂમિ-સંરક્ષણ એટલે શું? ભૂમિ-સંરક્ષણના ઉપાયો જણાંવો.
46. વૃદ્ધોની સમસ્યાઓ વર્ણવો તથા તેમના રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઈઓ વર્ણવો.

## SECTION - D

➽ પ્રશ્ન ક્રમાંક 47 થી 53 (7 પ્રશ્નો) માંથી કોઈપણ 4 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો (દરેકના ચાર ગુણ) (Marks - 16)

47. ગુજરાતની ગુફાઓ વિશે ચર્ચા કરો.
48. આર્થિક વિકાસ એટલે શું? સમજાવો.
49. 'ભારતની વિવિધતામાં એકતા' વિશે ઉદાહરણ સહિત સમજૂતી આપો.
50. ગરીબી એટલે શું ? ગરીબી રેખા હેઠળ જીવતા લોકો ના લક્ષણો જણાવો.
51. પર્યાવરણીય અતિક્રમણ એટલે શું? તેને રોકવાના ઉપાયો જણાવો.
52. ભારતની સંસ્કૃતિનો પરિચય આપો.

SANKALYA

53. પ્રાચીન ભારતીય સાહિત્ય જણાવો.

## SECTION - E

**➽ તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેના ચાર સ્થળો યોગ્ય સ્થાને દર્શાવો** **(Marks - 4)**

54. નકશામાં દર્શાવો : તાંબુ ગાળણ કેન્દ્ર

55. નકશામાં દર્શાવો : મગફળી ઉત્પાદિત પ્રદેશ

56. નકશામાં દર્શાવો : લેટેરાઈટ અથવા પડખાવ જમીન

57. નકશામાં દર્શાવો : ચંબલ ખીણ બહુહેતુક યોજના

★★★

SANKALYA